શહેરમાં પારો ઉંચકાયો પરંતુ તીવ્ર ઠંડી યથાવત

લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલું વધીને ૧૦ ડિ.સે. પર પહોંચ્યું : પરંતુ પવનની ગતિ યથાવત રહેતા ઠંડી વધુ અનુભવાઈ રહી છે : બપોર બાદ વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા.૩૧

છેલ્લા ચાર દિવસથી પડી રહેલી ગાત્રો થીજવતી ઠંડીમાં બહુ રાહત મળી નથી. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું ઉંચકાયું છે. પરંતુ પવનની ગતિ હજુ યથાવત રહેતા ઠંડી ખુબ અનુભવાય છે.

ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં ખૂબ જ ઠંડી અનુભવાઈ. છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલા કોલ્ડવેવથી વસાહતીઓ રીતસર ધ્રુજી ઉઠયા છે. વસાહતીઓને ઘરમાં જ પુરાઈ રહેવું પડે તેવી આકરી ઠંડી અનુભવાઈ હતી. છેલ્લા ચાર દિવસથી તો લઘુત્તમ તાપમાન ૭-૮ ડિગ્રીની આસપાસ રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા.

જો કે ગુરૂવારે લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાયો હતો. એક જ દિવસમાં પારો ત્રણ ડિ.સે. જેટલો ઉંચકાતા વસાહતીઓને સહેજ રાહત મળી હતી. બપોર બાદ પવનની ગતિ વધતા અને વાતાવરણમાં પરિવર્તન આવતા પુનઃ આકરી ઠંડી અનુભવાતી હતી. હવામાન વિભાગે માવઠાની આગાહી કરતા વાતાવરણમાં પરિવર્તન આવ્યું હતું.

શહેરના ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ બે સપ્તાહમાં શરૂ કરી દેવાશે

અન્ડર પાસની કામગીરી શરૂ કરતા પુર્વે ડાયવર્ઝન આપવા ટ્રાફિકનો સર્વે હાથ ધરાયો

ગાંધીનગર તા ૩૧

શહેરના ગ માર્ગ પર ટુંકમાં જ અન્ડરપાસના નિર્માણનુ કામ શરૂ કરી દેવાશે. ઘ માર્ગની જેમ ગ માર્ગ પર પણ અન્ડર પાસ બનશે. ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ હાથ ધરવા માટે હાલ ટ્રાફિકનો સર્વે ચાલી રહ્યો છે જેના અંતે નગરના ઘ માર્ગની જેમ ગ માર્ગ પર પણ ટ્રાફિકનુ ડાયવર્ઝન આપવામાં આવશે. ઘ માર્ગ પર અન્ડર પાસનુ કામ પુર્ણતાના આરે છે. બન્ને અન્ડર પાસની યોજના અન્વયે અંદાજિત રૂ ૬૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના ઘ માર્ગ પર છેલ્લા એક વર્ષથી અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જેના લીધે નગરના હાર્દસમા ઘ- ૪ વિસ્તારમાં ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. હાલ છેલ્લા ઘણાં સમયથી ડાયવર્ઝનના લીધે મુખ્ય માર્ગ પર ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. શહેરના ઘ માર્ગ પર ઘ-૩ થી ઘ-૪ સુધી માર્ગ બંધ છે. જયારે હાલ વાહનચાલકો ડાયવર્ઝનને અનુલક્ષી મુખ્યત્વે ગ માર્ગનો ઉપયોગ કરે છે. આવા સંજોગોમાં હવે નગરના ગ માર્ગ પર પણ અન્ડર પાસનુ કામ પણ હાથ ધરવાનુ આયોજન કરી દેવાયુ છે. જેથી આ માર્ગ પર હાલ ટ્રાફિકનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ટ્રાફિકના સર્વેના અંતે ડાયવર્ઝન કઈ રીતે આપવુ તે અંગે પણ નિર્ણય લેવાશે. સુત્રોના જણાંવ્યા મુજબ આગામી ૧૫ દિવસમાં ગ માર્ગ પર અન્ડરપાસનુ કામ શરૂ કરી દેવાશે. શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થઈ ગયા બાદ શહેરમાં ટ્રાફિકનો સિનારીયો તદન બદલાઈ જશે. અન્ડર પાસના નિર્માણની સાથે સ્વર્ણિમ પાર્ક પણ ઉપરથી પસાર થાય અને ઉદ્યાનનુ જોડાણ સીધુ જોડાયેલુ રહે તે માટે પણ આગળની કામગીરી હાથ ધરાશે. હાલ ગ માર્ગ પર અન્ડર પાસ સંબંધિત કામગીરીને અનુલક્ષી બોર્ડ લગાવી દેવાયુ છે. અન્ડર પાસ તૈયાર થઈ ગયા બાદ શહેરના મધ્યમાં ટ્રાફિકનો મિજાજ બદલાવાની સાથે પાર્કનો નઝારો પણ વધુ ભવ્ય બનશે.

શહેરમાં ૨૦૨૦માં ૧૩૫૨ લગ્નો નોંધાયા

સૌથી વધુ ડિસેમ્બરમાં નોંધાયા, જુનથી ડિસેમ્બરમાં ૯૯૪ લગ્નો થયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં કોરોનાની વચ્ચે પણ ૧૩૫૨ યુવાઓ લગ્નગ્રંથીથી જોડાયા છે. જેમાં સૌથી વધુ ૨૩૩ લગ્નો ડિસેમ્બર મહિનામાં નોંધાયા છે.

કોરોનાનો પહેલો કેસ માર્ચ મહિનામાં નોંધાયો હતો. આ મહિનામાં ૯૦ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા હતા. એપ્રિલ અને મે માં એક પણ લગ્ન નોંધાયું નથી. આજે પુરા થયેલા ૨૦૨૦ના વર્ષમાં શહેરમાં ૧૩૫૨ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા છે. જેમાં જુનથી ડિસેમ્બર મહિના સુધીમાં ૯૯૪ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા છે.

જાન્યુઆરીથી માર્ચના ગાળામાં ૩૫૮ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા હતા. મળતી વિગતો પ્રમાણે માર્ચમાં ૯૦, જુનમાં ૭૧ અને નવેમ્બરમાં ૯૩ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા હતા. કોરોના કાળના નવ મહિનામાં ૯૯૨ યુવાનો લગ્નગ્રંથીથી જોડાયા હતા.

ગાંધીનગર શહેરમાં જે લગ્નો થયા તેમાં કોવિડની ગાઈડલાઈનનું પાલન કરાયું હતું. લગ્નો સૌથી વધુ સે.૨૨ના રંગમંચ પર યોજાયા હતા તેવું પણ સૂત્રોએ સ્વીકાર્યું છે.

ગ્રામ્ય અને શહેરમાં સરખા કેસ

ગાંધીનગરમાં ૭, કલોલ - દહેગામમાં ૧-૧નો માણસામાં ૪ કેસ, સેક્ટર-૪માં ૩, સેક્ટર-૭, ૮ અને સે. ૨૪માં ૨-૨ કેસ સહિત ૧૩ કેસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૨૬ કેસ નોંધાયા છે. સતત બીજે દિવસે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાં એક સરખા કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩ અને ગાંધીનગર શહેરમાં ૧૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે.

ગ્રામ્યમાં આજે નોંધાયેલ ૧૪ કેસમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. યુવાનો આધેડ વયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૩ કેસમાં ગાંધીનગરમાં ૭, દહેગામ અને કલોલમાં ૧-૧ કેસ તેમજ માણસામાં ૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ-૧૯નું સંક્રમણ સતત વધી રહ્યું હોવાથી તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચના સાથે સોશિયલ ડિસ્ટન્સીંગની સાથે કોવિડની ગાઈડલાઈનનું ચુસ્તતાથી અમલ કરાવવા માટે તાકીદ કરી છે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ડભોડા, અડાલજ અને અનોડીયામાંથી પણ કેસ મળેલ છે.

દહેગામના કલ્યાણજીના મુવાડા ગામેથી ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના લીંબોદ્રા ગામેથી નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકાના લોદરા ગામેથી એક કેસ તેમજ માણસા અર્બનમાંથી ૩ કેસ મળી કુલ ૪ કેસ નોંધાયા છે.

જિલ્લામાં રિકવરી રેટ ૯૦ ટકા એ પહોંચ્યો છે અને રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૯૩ દર્દીઓ કોરોનાયુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૭૫થી વધુ દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૩૫૦ લોકોને આજે ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોનાના વધુ ૧૩ કેસ મળી આવ્યા છે. છેલ્લા થોડાક દિવસોથી શહેરમાં રોજના ૧૫ થી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે તેથી તંત્રને થોડીક રાહત જરૂર છે પરંતુ જે કોરોના માટે સંવેદનશીલ બનેલા સેક્ટરો છે તેમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે વધુ ૬ મહિલા દર્દીઓ મળી આવ્યા છે. શહેરમાં આજે મળેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સંક્રમિત થનારાઓમાં સરકારમાં ઈન્ટરનેટ કનેકશન પ્રોવાઈડર તરીકે ફરજો બજાવતા બે કર્મયોગી, રમત-ગમત વિભાગના કલાર્ક, પોલીસ કર્મયોગી, સરદાર સરોવરના આસિ. ઈજનેર, બેંક ઑફ બરોડાના કર્મયોગીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સે.૪માં ૩, સે. ૨૪, ૭ અને ૮માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧૨, ૩૦, ૩ અને ૨૭માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો નોંધાયો છે. આ સાથે શહેરમાં હાલ ૧૮૦થી વધુ દર્દીઓ હોય આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

રવિવારે પોલીસ ઈન્સ્પેકટર અને બિન હથિયારધારી વર્ગ-૨ના ઉમેદવારોની પરીક્ષા

કોરોના કાળમાં પ્રથમ ઓફલાઇન પરીક્ષા લેવાશે : જિલ્લામાંથી ૧૧૧૪૬ ઉમેદવારો પરીક્ષા આપશે : ૪૬૫ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા : એક વર્ગમાં ૨૪ જ પરીક્ષાર્થીઓની બેઠક

ગાંધીનગર તા ૩૧

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કોરોનાના કપરા કાળમાં પ્રથમવાર ઓફલાઈન પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૩ જાન્યુઆરીના રોજ આ પરીક્ષા લેવાશે. જી પી એસ સી દ્વારા રવિવારે સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન પોલીસ ઈન્સ્પેકટર અને બિન હથિયારી વર્ગ-૨ ની પરીક્ષા લેવાશે.

કોરોનાના કપરા કાળમાં આ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેથી પરીક્ષા દરમિયાન કોરોનાનુ સંક્રમણ ન ફેલાય તે માટે જરૂરી તમામ નિયમોનુ પાલન કરવામાં આવશે. માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતની બાબતો પર વિશેષ કડક અમલ કરાશે. કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખી જરૂરી તકેદારીના પગલા લેવા માટે પણ જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર

સરકારી હૉસ્પિટલમાં ૨૪ વર્ષ સુધી ફિઝીશિયન તરીકેની સેવાઓ બાદ આજે ગાંધીનગર સિવિલના જાણીતા ડૉ. દિનકર ગોસ્વામી સેવા નિવૃત્ત થયા છે. ડૉ. ગોસ્વામીએ સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારી છે. તેઓની દરખાસ્તનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યની સત્તાવાર જાણ આજે તંત્રને થતાં ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણીની વિશેષ ઉપસ્થિતિમાં તેમને વિદાય પણ આપવામાં આવી હતી. હવે ડૉ. ગોસ્વામી આગામી દિવસોમાં મેડીકલ કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપશે.

સેક્ટર-૨૧માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં પાંચ મજલાની અદ્યતન લાયબ્રેરી બનાવાશે

રૂ. ૧૧ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ હાથ ધરાશે : આજની બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સેક્ટર-૨૧ની જુની લાયબ્રેરીના મકાનને તોડી પાંચ માળની અદ્યતન લાયબ્રેરી બનાવુવામાં આવશે.

આજે સ્માર્ટ સિટી બોર્ડની મળેલી બેઠકમાં આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ આ નવીન લાયબ્રેરી માટે ટાટા કન્સલન્ટસીએ પી.પી.આર. બનાવી અને રજૂ કર્યો હતો, જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણના અધ્યક્ષપદે મળેલ બોર્ડ બેઠકમાં રૂ. ૧૧ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં આધુનિક સેવાઓ ઉપરાંત વિકલાંગ અને અંધ બાળકો માટેની પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે માર્ગ - મકાન વિભાગે સેક્ટર-૨૧ સ્થિત સરકારી પુસ્તકાલયના મકાનનું આયુષ્ય પૂર્ણ થઈ ગયાનું જણાવ્યું હતું. સેક્ટર-૨૧ના લાયબ્રેરીમાં વાંચનની હાલની સુવિધાઓ પણ જુની પુરાણી થઈ ગઈ હતી અને છેલ્લા કેટલાક સમયથી તે બંધ કરવામાં આવેલી છે.

મળતી વિગતો પ્રમાણે આ નવી આકાર પામનાર લાયબ્રેરીમાં અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગની પણ વ્યવસ્થા કરવામાં આવશે એટલું જ નહિં. આ બિલ્ડીંગની સુવિધાઓ માટે અમદાવાદની નવી એમ.જી. લાયબ્રેરી સહિત વિવિધ લાયબ્રેરીની ડિઝાઈન અને તેની સુવિધાઓનો અભ્યાસ કરી આખો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

સ્માર્ટ સિટી બોર્ડની આજની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય પછી હવે ટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજથી શરૂ થતાં નવા વર્ષમાં આ નવી બિલ્ડીંગ માટેની કામગીરી પણ સ્માર્ટ સીટી અંતર્ગત હાથ ધરવામાં આવશે.

આજે મળેલ બોર્ડ બેઠકમાં સ્માર્ટ સીટીના હાલના જે પ્રોજેક્ટ્સ ચાલુ છે તેમાં થયેલ કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી તેમજ નિયત સમયમર્યાદામાં આ કામો ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે જોવા તાકીદ કરવામાં આવી હતી.

ગાંધીનગર અર્બન બેંકની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર તા. ૩૧

પાટનગરના સેકટર-૨૧ ખાતે કાર્યરત ધી ગાંધીનગર અર્બન કો. ઑપરેટિવ બેંક લિમિટેડની નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ માટેની વાર્ષિક સાધારણ સભા તા. ૨૭મી ડિસેમ્બરે શહેરના સેક્ટરમાં કડવા પાટીદાર સમાજના ઉમા સમાજ ભવન ખાતે યોજાઈ હતી. બેંકના ચેરમેન કાલિદાસ વી પટેલના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યાં હતા તેમજ તેમણે બેંકનો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. સભામાં કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન કાલિદાસ વી પટેલે કરેલા અહેવાલ અનુસાર બેંકનું માર્ચ-૨૦૨૦ના આખરે શેર ભંડોળ રૂ.૩૫૪.૮૮લાખ, અન્ય ભંડોળ ૬૫૦.૪૦લાખ, ડિપોઝિટ રૂ. ૮૪૧૬.૪૩લાખ અને ધિરાણ રૂ. ૪૭૯૧.૫૩ લાખ હોવાનું જણાવ્યું હતું. આ સાથે બેંકનું ગ્રોસ એનપીએ રૂ. ૨૯ લાખ જે કુલ ધિરાણના માત્ર ૦.૬૧ ટકા અને નેટ એનપીએ શૂન્ય હોવાનું જણાવી બેંકનો ચોખ્ખો નફો રૂ.૮૧.૫૦લાખ થયો હોવાની જાહેરાત કરી હતી. બેંકની વાર્ષિક સાધારણ સભાનું સંચાલન મેનેજીંગ ડિરેક્ટર પ્રહલાદભાઈ એસ. પટેલે કર્યું હતું જેમાં સાધારણ સભાએ વર્ષ ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, સરવૈયુ અને નફા નુકસાનનાં હિસાબો મંજૂર કરાયાં હતાં. આ સાથે તેમણે નફાની ફાળવણીમાં ચાલુ વર્ષે ડિવિડન્ડ અંગે બોર્ડ ભલામણ કરી હતી પરંતુ રિઝર્વ બેંકની માર્ગદર્શિકા મુજબ આ વર્ષે ડિવિડન્ડ વહેંચવાનું નહોય ડિવિડન્ડની રકમ બેંકના રોકાણ વધઘટ અનામતમાં લઈ જવાનું મંજૂર કરાયું હતું. ગત વર્ષે બેંકના સ્થાપક ચેરમેન ગજેન્દ્ર એન ખારોડ તથા પૂર્વ ચેરમેન પરશોત્તમભાઈ પટેલ અને અન્ય સભાસદોના થયેલા દુઃખદ અવસાનની નોંધ લઈ વાર્ષિક સાધારણ સભામાં સદગતોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભાના અંતે બેંકના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ પટેલે આભારદર્શન વ્યકત કર્યુ હતું તેમજ રાષ્ટ્રગીત સાથે સભાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

ગુડા વિસ્તારમાં નવા ૨૧૦૦ આવાસો બાંધવા ટુંકમાં કામ શરૂ કરાશે

સરગાસણ , પેથાપુર અને વાવોલમાં નવા એલ આઇ જી આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ : ટુંકમાં કામ શરૂ કરાશે

ગુડા વિસ્તારમાં હજુ નવા આવાસો બાંધવા માટે કરોડોનો ખર્ચ કરાશે – જયારે નવા બાકી રહેતા લાભાર્થીઓને પણ માથે છત મળે તે માટે નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે

ગાંધીનગર તા ૩૧

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના વિવિધ ટીપી વિસ્તારમાં અનેકવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવે છે જયારે આમ નાગરિકોને માથે પાકી છત મળી રહે તે માટે પણ આયોજન કરવામાં આવે છે. ગુડા દ્વારા સરગાસણ, વાવોલ અને પેથાપુરમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારજનો માટે નવા ૨૧૦૦ મકાનો બાંધવામાં આવશે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

ગુડા દ્વારા આગામી દિવસોમાં નવા ૨૧૦૦ આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. ગુડા નિર્મિત આવાસ યોજનામાં હાલ રહીશોનો વસવાટ છે. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ, ચિલોડા અને અડાલજમાં એલ આઇ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે ત્યારબાદ કુડાસણમાં એમ આઇ જી આવાસો પણ તૈયાર કરાયા છે. હાલ આ મકાનોમાં પણ લાભાર્થીઓનુ રહેણાંક છે. ગુડા દ્વારા ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં તબક્કાવાર વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવે છે. જેમાં હાલ માળખાગત સુવિધાના કામો પણ ચાલી રહ્યા છે. જેમાં વરસાદી પાણીના નિકાલ, પાણીની લાઈન,રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સહીતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

જયારે પ્રથમ તબક્કામાં એલ આઇ જી આવાસો તૈયાર કરાયા બાદ હવે આગામી દિવસોમાં ગુડા દ્વારા નવા ૨૧૦૦ આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. ગુડાના સરગાસણ , વાવોલ અને પેથાપુર સહીતના વિસ્તારમાં આ નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. ગુડા દ્વારા આ આવાસોના નિર્માણ માટે અત્યંત કિમતી જમીનમાં બાંધકામ કરવામાં આવશે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટેન્ડર પ્રક્રીયાના અંતે હવે વર્ક ઓર્ડર પણ આપી દેવાશે.

જયારે આવાસોના નિર્માણ કામ પાછળ અંદાજિત ૨ વર્ષનો સમય લાગશે. લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સહાય પણ આપવામાં આવશે. ગુડા વિસ્તારમાં હજુ નવા આવાસો બાંધવા માટે કરોડોનો ખર્ચ કરાશે. જયારે નવા બાકી રહેતા લાભાર્થીઓને પણ માથે છત મળે તે માટે નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com